


# બે વાર્તા

- જીવાભાઈ પ્રજાપતિ

: પ્રકાશક :

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ
શાખા : ૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે
નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, નડિયાદ
૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગતજીન કપડવંજ રોડ,
ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા

## અર્પણ

જિંદગીની આગંતુક અણધારી કઠણાઈઓ
મૂકભાવે સહતાં મારી નીરવ એકલતાની
નિરસસભરક્ષણે સ્વકીય ઋજુ ઉરમાં
ધૈર્ય ને હિંમત ધારણ કરી
સ્નેહપૂર્ણ સાથ ને સહકારની ઉમદા ભાવનાનો
અવિરત અમી છંટકાવ વર્ષાવતી
મારી વહાલસોયી સુપુત્રી
ચિ. મનીષા પ્રજાપતિ (બાલાસિનોર)ને સપ્રેમ.

– જીવાભાઈ પ્રજાપતિ 'પતિત'

ટૂંકી વાર્તા
એટલે
જીવનની કોઈ
લઘુ વ્યાપ ધરાવતી
નૂતન ઘટના પર
વેધક પ્રકાશ
ફેંકતી ઉપદેશાત્મક
સઘન મર્મપ્રસ્ફુટિત
વિશિષ્ટ કથનરીતિ

– જીવાભાઈ પ્રજાપતિ 'પતિત'

# આત્મનિવેદન

મારા ગામની નિશાળના પગથિયે પગ મૂકતાંની સાથે ભણતરની ધૂન ને એકતાનતાની રઢને લીધે અક્ષરજ્ઞાન થતાં ફાજલ સમયમાં તત્કાલીન ઉપલબ્ધ પુસ્તકોમાંથી હસ્તગત પુસ્તકો મારી વાચનભૂખને સંતોષવા હું હૉંશભેર વાંચી જતો. ખરેખર વાચન સાહિત્યસર્જનનું એક પ્રેરકપાસું છે એ સર્વવિદિત હકીકતને ક્યારેય નકારી શકાય એમ નથી.

મારી સ્વચરિત પ્રથમ વાર્તા 'નોકરીની શોધમાં' 'લોકવીણા' સામયિકમાં છપાતાં મને જે અનેરી આહ્લાદક આનંદાનુભૂતિ થઈ હતી એ તદ્દન વિસ્મયકારી ઘટના છે.

આ વિશાળ જગતમાં એકબીજાથી અજાણ કે તદ્દન અપરિચિત પાત્રો કોઈ અગમ્ય કારણોસર નિશ્ચિત જીવનચોકઠામાં નસીબજોગે ગોઠવાતાં પરિચિતતાના મહોરા હેઠળ પોતાનો વિશિષ્ટવેશ ભજવે છે એ બાબતે લેખ ઉપર કોણ મેખ મારે ? એ સહજસ્વીકૃત અભિગમ જ અગ્રેસર છે.

પાત્રોનો સંયોગવિયોગ કેવળ કોઈ ભવના ઋણાનુબંધનો ખેલ છે. એમની મનમનામણી તો એમ જ કહે છે કે જેનાં જેવાં અંજળપાણી અન્ય શું ? ખરેખર માનવજીવન અનેકાનેક સંઘર્ષોની ભરમાર છે. ગ્રામીણ અને શહેરી જીવનનાં સ્ત્રીપુરુષપાત્રો પોતાના સાંપ્રત સમાજના સંઘર્ષો, સંસ્કારો ને રીતરિવાજોને આત્મસાત્ કરી સ્વકીય રૂઢિગત સુવિચારધારાઓ કે અનુસરણીય ઉત્તમ આદર્શોને સમાજોત્કર્ષની ગતિવિધિમાં યોગ્યરીતે પ્રયોજવા યત્ન કરે એ વાર્તાઓનો મૂળગત ઉદ્દેશ પ્રશસ્યકર છે કેમકે દરેક સર્જક એના સમાજનું સંતાન છે.

મારી વાર્તાઓના રહસ્યોદ્ઘાટન વિશે કોઈ જિજ્ઞાસુ પ્રશ્નાવલિ કરે તો 'આંબે આવ્યો મોર ને વાત કહીશું પોર' એ કથન જ પ્રત્યુત્તરરૂપે તત્ક્ષણ કર્ણસાંસરવું કરવું મને વધુ હૃદ્ય બને. આ સમગ્ર વાર્તાઓ બેશક વાચકવર્ગના ઉરતારને ઝણઝણાવી નાખે એવી બળવત્તર નીવડે એ ભાવ જ મને વધુ અભિપ્રેત છે. હું આશા સેવું છું કે મારી વાર્તાઓ સૌને ગમશે.

સુંદર પ્રૂફરીડીંગ બદલ કુ. જિજ્ઞા પ્રજાપતિ (બાલાસિનોર) ને હું આજીવન કેમ ભૂલું ?

'ઋણાનુબંધ' વાર્તાસંગ્રહમાં છાપવા માટે મેં મોકલેલ  ૨૯ વાર્તાઓમાંથી અત્રે ઉલ્લેખિત (૧) સ્વાર્પણ (૨) ખેતરના શેઢે -  વાર્તાઓ ન છાપતાં એની પૂરકપૂર્તિરૂપે 'બે વાર્તા' નામ હેઠળ છાપેલ છે. આ પુસ્તકને પ્રગટ કરવા માટે સંપૂર્ણ સાથ અને સહકાર આપવા બદલ **એમ. એમ. સાહિત્ય પ્રકાશન**, આણંદના શ્રી યાકુબભાઈ (સામરખાવાળા) તથા શ્રી મણિભાઈ પ્રજાપતિ(આણંદ) નો ઋણસ્વીકાર કરી હું હાર્દિક આભાર માનું છું.

ભવદીય,

જીવાભાઈ પ્રજાપતિ 'પતિત'

**જીવાભાઈ જે. પ્રજાપતિ**
**મુ.પો. કડાછલા - ૩૮૮ ૨૭૦**
**ઠે. પ્રજાપતિ નિવાસ**
**તા. લુણાવાડા, જિ. પંચમહાલ**

# અનુક્રમણિકા


| ક્રમ | વાર્તા |
|---|---|
| ૧. | સ્વાર્પણ |
| ૨. | ખેતરના શેઢે |

## (૧) સ્વાર્પણ

ચોપાસ છવાયેલ ઘટાદાર વૃક્ષોની વચ્ચે શોભતું આસપાસના વિસ્તારમાં ક્ષત્રિયકોમને લીધે વિશિષ્ટ છાપ ઉપસાવતું ને અહીંના જનસમુદાયમાં અંદરોઅંદર સંપીલું માલના મુવાડા નામક એક પ્રખ્યાત નાનકડું ગામ હતું.

એની ભાગોળથી થોડે દૂર આવેલ એક ઘેઘૂર વડ જટાધારી સંન્યાસીની જેમ અસંખ્ય વડવાઈઓ ફેલાવીને ચિરકાળથી ઊના પવનની લહેરખિયો સાથે ગેલ કરતો અડીખમ ઊભો છે. મધ્યાહ્નના પ્રખર તાપથી સ્વરક્ષણ માટે દૂરદૂરથી પ્રવાસ ખેડીને આવેલ પંખીઓ થાકના બોજથી ગતિશૂન્યદશા પામવાને લીધે શોરબકોર મચાવતાં શીતળ છાયામાં નિરાંતનો દમ ઘૂટતાં ડાળીઓને ઓથે લપાઈને ધીમેધીમે પોતાની પાંખો ફફડાવી થાક દૂર કર્યાનો સંતોષ અનુભવી રહ્યાં છે.

વડની છાયામાં ગાયોનું ધણ રણયુધ્ધમાંથી ભાગી છૂટેલ યોધ્ધાઓની માફક પોતાની કોમળ કાયાને વિસામો આપવાની પેરવી કરતું એકબીજા સામે નિહાળતું જાણે અંદરોઅંદર ક્યારેક આળોટતી તો ઘડીક ભાંભરતી હોવાનો અહેસાસ પેદા કરતું વાગોળતું બેઠું છે ! સામે એક મોટી શિલા પર હાથ વડે લાકડી ટેકવીને પરસેવાથી રેબઝેબદશામાં ચીંથરેહાલ પોશાકધારી રખેવાળ ગાયોની ચોકી કરતાં વિચારોની ગડમથલમાં બીડીમાંથી ઉપરાઉપરી દમ ખેંચતાં નીકળતા ધૂમાડામાંથી સર્જાતા વર્તુળમાં જાણે અટવાઈ પડેલ પોતાના વિચારોને બહાર કાઢવાની વ્યર્થ ચેષ્ટા કરતો ઘડીભર આમતેમ નજર ફેંકતો બેઠો છે ! એવામાં એકાએક એના કર્ણપટ પર અથડાતો ને એકજ દિશામાંથી વારંવાર પડઘા પાડતો ગગનભેદી અવાજ એના ચિત્તમાં અનિષ્ટનાં એંધાણ પેદા કરવા લાગ્યો. 'બચાવો, બચાવો.' એવા અવાજના સ્પષ્ટ પામી શકાય તેવા શબ્દો એના કાથે અથડાઈ ધીમેધીમે હવામાં ઓગળી જતા હતા. આ સાથે જ રઘુના વિચારોની પરંપરા તત્ક્ષણ થંભી ગઈ. હમણાંજ બીડીના ધૂમાડામાંથી સર્જેલ તાજુ વર્તુળ જાણે અવાજનો સ્પર્શ થતાં વાતાવરણમાં વેરવિખેર થઈ ગયું ! એકાદ કંકરપ્રહારને લીધે સ્થિરજળમાં પેદા થતાં વલયો પવનનો એકાદ જોરદાર ઝપાટો લાગતાં છિન્નભિન્નદશા પામે એમ એના મનસ્થિત વિચારો

આપોઆપ ડહોળાઈ ગયા.

એની સચેત દ્રષ્ટિ અવાજની દિશાભણી મંડાતાં તે તત્કાલીન સમગ્ર પરિસ્થિતિ પામી ગયો. ભયંકર ચીસો નાખતાં વેગથી દોડી આવતી કોઈ અજાણી સ્ત્રીનો એ ભયજનક અવાજ હતો. તે કોઈ આફતમાં સાચેજ ઘેરાયેલી જણાતી હતી. એની પાછળ બે ખડતલ દેહધારી માનવઆકૃતિઓ મૃગયા રમવા નીકળેલ શિકારીની જેમ પૂરવેગે ધસી આવતી હતી. માથે બાંધેલ બુકાનીમાંથી તગતગતી આંખો ઝનૂનને લીધે અતિબિહામણી જણાતી હતી. પ્રયોજનને સિધ્ધ કરવામાં હંમેશ સહાયભૂત થતી લોહીતરસી તીક્ષ્ણ તલવારો સૂર્યના પ્રકાશને લીધે ચકચકિત દશામાં ઝગારા મારતી હતી. આ જોઈ રઘુએ વિચાર્યું કે પોતાને એકદમ વધુ સાવધ થવાની જરૂર હતી. પોતે યૌવનનો તરવરાટ અનુભવતો વીરતાનો પૂજારી હતો. ગાયોની રખેવાળી કરતા શ્રીકૃષ્ણ જેટલો જ નીડર ને બહાદુર હતો બલકે એથી પણ વિશેષ બળવાન હતો. હાલ શૂરવીરને છાજે એવી અણમોલ ઘડી હતી. મહાન ધર્મકાર્ય માટે મરીને મૃત્યુ જીતવાની મહામોંઘી તક હતી. આવા શૌર્યપ્રેરક વિચારોને લીધે એના દિલમાં માનવતાના દીવા ઝળહળી ઊઠ્યા. શરીરનું સઘળું બળ એકઠું કરી પોતાના ભરાવદાર બાહુઓને હવામાં અધ્ધર જોરદાર વીજવા લાગ્યો. એની તમામ નસોમાં યુવાનીનું લોહી પૂરવેગે ખળભળી ઊઠ્યું. અતિપૂરને લીધે ઘેલી બનેલ સરિતા જેમ પોતાના માર્ગમાં આવતા અંતરાયોને આસાનીથી દૂર કરે તેમ હૃદયમાં ઉભરાયેલ શૌર્યપૂરને લીધે ઘેલા બનેલ રઘુ માટે જગતમાં શું અશક્ય હતું ? આમ ચેતનવંત શૂરવીરતાએ આવી પડેલ ધર્મસંકટ સામે આત્મકર્તવ્યનો માર્ગ ચીંધ્યો. નિઃસહાય અબળાનો બેલી થવા એના અંતરાત્માએ પોકાર કરતાં દોડી શકાય એટલી ત્વરાથી એ સ્ત્રીની વહારે ધસ્યો.

દોડવાના વેગને લીધે સ્ત્રીનાં ગાત્રો શિથિલ થયાં હતાં. ગભરાટને લીધે એના હોશકોશ ઉડી જવાથી તે જમીન પર પટકાઈ પડી. ધીમે ઊભા થવાના એના સઘળા પ્રયત્નો સદંતર નિષ્ફળ જવા લાગ્યા. કંપતા શરીર પરનાં કપડાં પરસેવાને લીધે ભીંજાવા લાગ્યાં. એની દયનીય હાલતને લીધે ઘડીભર એમ લાગતું હતું કે જાણે શરીર પરના પરસેવારૂપે એની નરી નિઃસહાયતા જ વહેતી ન હોય ! અતિશય તૃષાને લીધે એનો કંઠ સાવ રુંધાઈ ગયો હતો. કોમળ કંઠમાંથી બહાર નીકળી શબ્દાકાર પામવા મથતો તીણો સ્વર હોઠે આવી અટકી જવા લાગ્યો. કંઠની શિથિલતાને લીધે જાણે રુદન પણ મરી

પરવાર્યું હતું ! એકાએક એની ચકોર નજર પોતાના દેહને હંમેશ શોભાવતાં કીમતી ઘરેણાં પર પડી પણ હંમેશની જેમ તે આજે પોતાને આનંદ આપતાં ન જણાયાં કે મનને સંતોષ અર્પતાં ન લાગ્યાં ઊલટું દુશ્મનની જેમ પોતાને ડરાવતાં ને વિશેષ તો શરીરને દઝાડતાં લાગ્યાં. એ મૉંઘીમાયા તરફ એના મનમાં અત્યંત ધૃણા પેદા થઈ. શરીર પરથી એ ઘરેણાંરૂપીમાયાને દૂર કરવા મનસૂબો કરી જોયો પણ એમ કરવા પોતે સાવ અશક્તિમાન હતી. ભગ્નહૃદયમાં વ્યાપ્ત અંધકારને ભેદી સર્વત્ર પ્રકાશ પ્રજવલિત કરનાર વિપતવિદારકની અમર આશાનું એકપણ કિરણ એની નજર સામે દેખાતું ન હતું. એના શૂન્યમનમાં ઊગરવાના ઝાઝા વિચારોના અવકાશને જરાપણ સ્થાન ન હતું. નિરુપાયદશામાં પોતાને અંદર જલદી સમાવી લેવા એ દુ:ખહારક ઉદાર ધરતીમાતાને મનોમન કાકલૂદી કરવા લાગી. મૃત્યુની અંતિમ પળોમાં કુદરતની કૃપા માટે એણે પોતાની નજર એકવાર આકાશ ભણી ઊઠાવવા પુષ્કળ પ્રયત્ન કર્યો પણ એના આશ્ચર્ય વચ્ચે એની નજર દૂરથી આવતા કોઈ અજાણ્યા યુવાન તરફ મંડાતાં એને બળતામાં ઘી હોમાવા જેવું લાગતાં તે ભયભીત રોશનીનું આખું શરીર પુતઃ કંપી ઊઠ્યું.

રઘુ સ્ત્રીની તદ્દ્ન નજીક આવી પહોંચ્યો. એની બેહાલદશા નિહાળી એના કરુણાસભર કોમળ હૃદયમાં એકાએક લાગણીનો ધોધ વહેવા લાગ્યો. એણે મનોમન વિચાર્યું કે હાથે કરીને વહોરી લીધેલ આફત સામે પોતાને જીવનાજોખમે પણ વીરતાપૂર્વક ઝઝૂમવાનું હતું. સામેથી પીછો કરતા પેલા ઘાડપાડુઓ એની નજીક આવી પહોંચ્યા હતા. અણીના સમયે કાળને પળવાર રોકી શકાય એમ ન હતું. તેમને જોતાંજ રઘુની આંખોમાંથી વૈશાખી મધ્યાહ્‌ને પ્રખરતપ્ત સૂર્યની જેમ ક્રોધના ધગધગતા અંગારા વરસવા લાગ્યા. વનમાં છંછેડાયેલ વિકરાળ સિંહની જેમ ભયંકર ત્રાડ નાખતા રઘુએ હિંમતપૂર્વક સામે જોરદાર પડકાર કર્યો: ‘હરામખોરો ! ત્યાં જ ઊભા રહો. નિ:સહાય સ્ત્રી પર હાથ ઉગામતાં લગીર પણ શરમાતા નથી. તમારું તદ્દ્ન અયોગ્ય એવું અબળા પર આચરેલ આ દુષ્કૃત્યકારક ક્રૂર શૂરાતન શા ખપનું ? મારું કહેવું માનો તો ભગવાનનો ડર રાખી તમે આવ્યા છો એ રસ્તે જ જલદી પાછા ચાલ્યા જાઓ. જો એકપણ ડગલું આગળ વધવાની હિંમત કરી છે તો તમે જાનથી ગયા જ સમજો. રઘુના આ કઠોર શબ્દોની ઘાડપાડુઓ પર તાત્કાલિક શી અસર

થઈ હશે એ કહેવું જરા મુશ્કેલ છે પણ એ તો ચોક્કસ હતું કે એમની આગળ વધવાની ગતિમાં અવરોધ પેદા થતાં તેઓ ત્યાંને ત્યાંજ જડાઈ ગયા તેમને હાથવેંતમાં આવી ચડેલ શિકાર ઝૂંટવાઈ જતાં ને હોઠ સુધી આવેલ અમૃતપ્યાલી એકાએક છીનવાઈ જતાં માનવીની જે દશા થાય એવી અવદશા તેઓ અનુભવવા લાગતાં એમના મુખ પર નિરાશાની ભારોભાર ગ્લાનિ છવાઈ વળી પણ આટલેથી તેઓ પાછા હઠે તો પોતાના બાપદાદાનો ધંધો વગોવાય તદુપરાંત પોતાને શરમજનક નામોશી મળે એ જુદી. વળી એકલું બાળક પોતાની પ્રચંડ તાકાત સામે ક્યાંસુધી ઝઝૂમવાનું હતું એ વિચારમાત્રથી તેઓ સહેજે પણ હિમત હાર્યા નહિં. પરસ્પર સામસામે જોઈ આંખોના અણસાર વડે કંઈક સંતલસ કરી પછી એક ધાડપાડુએ મક્કમ અવાજે કહ્યું : ‘ઓ, નાદાન ! તું અમારા માર્ગમાંથી દૂર હઠી જા. આમ તું શા માટે પારકી પીડા માથે વહોરે છે ? બળિયા સાથે બાથ ભીડતા પહેલાં તારા કરુણ અંજામનો ઘડીભર વિચાર તો કરી જો. અમે જણાવીએ છીએ કે તું ડાહ્યો થઈ તારો જીવ વહાલો કર. અમે તારા પડકારમાત્રથી નાસીપાસ થઈએ એવા પોચી માટીના માણસ નથી.’

રઘુએ જોયું કે તેઓ કોઈપણરીતે પાછા હઠે એમ નથી. તેને મામલો જરા મુશ્કેલ જણાયો. પોતે એકલાએ માત્ર પોતાની તાકાત વડે જંગમાં ઝઝૂમવાનું છે એમ વિચારી તેણે પોતાની સઘળી તાકાત એકઠી કરી નિર્ભયપણે કહ્યું : ‘તમે માનવ નથી પણ દાનવ છો ને અત્યારે સાચેજ ભીંત ભૂલ્યા લાગો છો. નિરાધાર અબળાનું રક્ષણ કરવાને બદલે તમે એને સંતાપો છો એ યોગ્ય નથી. જો માનવીમાત્ર સ્ત્રીને શુધ્ધ ભાવે માનભરી નજરે નિહાળે ને એના રક્ષણ પ્રત્યેની કર્તવ્યભાવનાને સ્વયંભૂ સ્વીકારે તો સાચેજ સ્ત્રીઓ નિઃશંક નિર્ભય બની મુક્તપણે પૃથ્વી પર વિહરે. આ તમારો ધર્મ નથી પણ અધર્મ છે.’ ‘તારા ધર્મ અને અધર્મ સાથે અમારે શી પંચાત ? આરંભેલ કાર્યમાંથી પાછા ન હઠવું એ માત્ર અમારો ધર્મ છે. તારા આવા નિરર્થક ઉપદેશથી અમે કદી ફસાવાના નથી. આમ સહેલાઈથી તું અમારો શિકાર ઝૂંટવી શકીશ નહિ. યાદ રાખ કે મહેનત અમારી ને ફળ તારું એ કદી બનનાર નથી.’

આવાં કઠોર વચન સાંભળી રઘુ એકાએક ખૂબ ખીજાયો. પોતાના શક્તિશાળી બાહુમાં ડાંગને સરખી રીતે પકડી હવામાં અધ્ધર ચારેબાજુ જોરપૂર્વક વીજવા લાગ્યો. તેણે લાગ જોઈને એક ધાડપાડુના માથા પર લાકડીનો પ્રચંડ

ઘા કર્યો. એના મુખમાંથી એકાએક વેદનાની ચીસ નીકળી પડી ને તમ્મર ખાઈ તે ભોંય પર પટકાઈ બેશુધ્ધાવસ્થામાં તરફડવા લાગ્યો. પોતાનો ભેરુ જમીન પર ઢળી પડેલ જાણી પોતે નિઃસહાય બનતાં બીજો ધાડપાડુ ખૂબ રોષે ભરાતાં તે મરણિયો પ્રયાસ કરી જીવસટોસટની બાજી ખેલવા લાગ્યો. રઘુ પણ એક વીરને છાજે એવી અદાથી વળતા પ્રહાર કરવા લાગ્યો. એકાએક એના ખભા પર તલવારનો તીક્ષ્ણ ઘા લાગતાં શરીરમાં અપાર વેદના સાલવા લાગી. એની સમગ્ર ચેતના કુંઠિત થતાં શરીરમાં રહેલી તાકાત ક્ષીણ બનતાં એનો દેહ કંપવા લાગ્યો. આખરે શરીરની તમામ શક્તિ હણાતાં મૂર્છિત થઈ તે જમીન પર ઢળી પડ્યો. મીંચાતી આંખે પેલી સ્ત્રી તરફ જોતાં જાણે તે સ્ત્રી મૂકભાવે એને કહી રહી હતી : ‘ઓ, બહાદુર માનવી ! તેં આજ પરાઈ સ્ત્રીકાજે તારો અણમોલ પ્રાણ ખોવા યત્ન કર્યો. એક વીરને છાજે એવી શૂરવીરતા દ્વારા આખરે તેં શહાદતમાં જ તારા જીવનની ફલશ્રુતિ નિહાળી. ખરેખર ધન્ય છે તારી જનેતાને ! આખરે તું મૃત્યુંજયી કહેવાયો. તારી શહાદતને મારા શતશત પ્રણામ !’

મૃત્યુની ઘેરાતી પળોમાં રઘુના મુખમાંથી ભાંગ્યાતૂટ્યા શબ્દો સરી રહ્યા હતા : ‘તું સ્ત્રીને દૂભવીશ મા, એક ઈશ્વરને વાસ્તે.’ ને એકાએક રઘુના દેહમાંથી આત્મા વિલીન થયો. રઘુના આ અંતિમ આર્તનાદે ધાડપાડુના કઠોર હૃદયને ખૂબ ત્વરાથી હચમચાવી નાખ્યું. અંતરમાં છવાયેલ પ્રગાઢ અંધકાર ધીમે ધીમે દૂર થતાં પ્રગટેલ આત્મજ્યોતથી એના કલુષિત જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પથરાવા લાગ્યો. પરોપકારાર્થે રઘુએ આપેલ ભવ્ય બલિદાનથી એનું હૃદય પારાવાર પશ્ચાતાપ કરવા લાગ્યું. એના શેષજીવનને સંપૂર્ણ સાર્થક કરવાની પ્રેરણા પૂરી પાડનાર એ પરાક્રમી વીરપુરુષની અંતિમ ઈચ્છાને એણે માનભેર માન્ય રાખી. આજે કોણજાણે કેમ એનું હૃદય આનંદના અતિરેકથી અત્યંત ઊભરાવા લાગ્યું ?

તેણે રઘુના મૃતદેહને ભાવભીની અંજલિ અર્પ્યા બાદ તરત પોતાની નજર ફેરવી. જમીન સાથે ઘસડાતી, ઊભી થઈ ચાલવા નિષ્ફળ પ્રયત્ન કરતી ને મૃત્યુના મુખમાં સપડાયેલી તે બેહોશ સ્ત્રીને જોતાં તેણે એ દિશાભણી મક્કમડગે ચાલવા માંડ્યું. તૃષાને લીધે એનો કંઠ સુકાઈ જતાં તે બોલવા મથતી હોવા છતાં કંઈ બોલી શકી નહિ. એની આ દુર્દશા પામી જતાં તેણે એને ખભા પર ઊંચકી વડની શીતળ છાયા

નીચે મૂકી નજીકના જળાશયમાંથી પાણી લાવી એના મુખ પર હળવે હળવે છાંટી એને પ્રેમપૂર્વક પાયું. ક્ષણાર્ધબાદ એના દેહમાં ચેતન આવતાં ધીમેધીમે એ ભાનમાં આવી ત્યારે પોતાની પડખે ઊભેલ ધાડપાડુને જોઈ તે ગભરાટથી આશ્ચર્ય અનુભવવા લાગી.

એના બોલવાના યત્નને ખાળતાં વચ્ચે જ ધાડપાડુ બોલી ઊઠ્યોઃ 'ઓ, બાઈ ! મને માફ કર. ખરેખર આજે મારું જીવન કૃતાર્થ થયું.' એવામાં પાંખો ફફડાવી વડ પરથી ઉડેલ એક પંખી દૂરના ક્ષિતિજમાં અદ્રશ્ય થયું. તે એકલવાયી ને ભગ્નાશ સ્ત્રીને પ્રેમથી ધબકતા સમસ્ત ચેતનજગતમાં સાક્ષાત્ માનવતાનાં દર્શન થતાં જાણે એના દેહમાં અસલરીતે જીવ પુનઃ સળવળવા લાગ્યો !

❈

## (૨) ખેતરના શેઢે

આછીઆછી ટેકરીઓના ઢોળાવ પર ઊગેલ ઘટાદાર વૃક્ષોથી સોહતું પચરંગી વસતિવાળું રણકપુર ગામ આસપાસના મુલકમાં વિશિષ્ટ સ્થાન ધરાવતું હતું. એમાં બ્રાહ્મણ, વાણિયા અને પટેલ જેવી ઉજળિયાત સુખસંપન્ન કોમ હતી. ઠાકરડા જાતનાં હારબંધ પચ્ચીસેક ઘર હતાં. ઈતરકોમનાં પણ છૂટાંછવાયાં ઘર થોડેથોડે અંતરે આવેલ હતાં. ગામના દક્ષિણ છેવાડે આવેલ વણકરવાસ આ બધાથી વિશિષ્ટભાત પાડતો હતો.

જોરદાર ઝીંકાતી વરસાદી ઝરમરમાં ન્હાતાં વૃક્ષો અનેરી મસ્તીમાં ગેલપૂર્વક ઝૂમતાં હતાં. જીભના લપકારા મારતી સાપણની જેમ થતા વીજચમકારા પૃથ્વી પર આછો ઉજાશ પાથરતા હતા. ખેડાઈને ઉગી નીકળેલ લીલાંછમ ખેતરો પવનના ઝોકે લહેરાતાં હતાં. સવારના દશેકના સુમારે પાળા પર ફૂટી નીકળેલ લીલોતરી ચરતાં ઢોર એકાદ વૃક્ષની શીતળ છાયામાં ઘડીક વાગોળતાં હતાં ને દૂર ભાગી છૂટેલ બચ્ચાંને

જોઈ લાગણીવશ જોરશોરથી બરાડતાં હતાં. ઘડીક ચોમેર મીટ માંડતાં બચ્ચાં સ્વેચ્છાપૂર્વક ગેલ કરતાં હતાં.ઝરમરધારે ભીંજાયેલી, પવનના સુમધુર સ્પર્શથી થરથરતી, ભીનાં વસ્ત્રોથી લપેટાયેલી જાણે અવની પર ઉતરી આવેલ સ્વર્ગની કોઈ અપ્સરા સમી ને કોમળ દેહલતાથી ઓપતી ઠાકરડા કોમની વીસેક વયની જુવાનજોધ કન્યા ખેતરમાં પ્રવેશતી ભૅંસને હાકોટો દેતી હાથમાંની પાતળી સોટીનો પીઠ પર પ્રહાર કરતાં બોલી : 'પાછી વળ, એ આપણું ખેતર નથી. એ તો પેલા મોહનનું ખેતર છે' એની જીભે મોહનનું નામ લેતાં તો લેવાઈ ગયું પણ કોઈ ભયને લીધે બરાડા પાડતી ભૅંસની જેમ તે સહસા થડકી ઊઠી. મોહન હમણાં આવી પહૉંચશે એવા વિચારમાત્રથી તે ધ્રૂજવા લાગી. મોહન એની કોમનો પચ્ચીસેક વયનો ગમી જાય એવો શિક્ષિત ફૂટડો જુવાન હતો. તે વાને શ્યામ, અણિયાળું નાક, તગતગતી આંખો ને હવામાં ઝૂમતી  માથા પરની કાળી ભમ્મર જુલ્ફો ખરેખર નીરુના નાજુક દિલને આકર્ષવા પર્યાપ્ત હતી. બંનેના ખેતરના શેઢા એકમેકને મળતા હતા. આ જગા એ બંને માટે દરરોજનું મિલનસ્થાન હતું. અહીં આંખમાં આંખ પરોવી ઉભય કયાંયસુધી પરસ્પર ખોવાઈ જઈ સ્નેહરસથી તરબતર થઈ જતાં હતાં.

ભાંભરતી ભૅંસથી ચમકેલ મોહન 'ઓ, નીરુ ! તું કયાં મૂઈ ? તારી ભૅંસને હાંક' એમ ગર્જતો એની સમક્ષ ઉપસ્થિત થયો. તે ભૅંસને હાંકતાં બોલી : 'જો, ભૅંસ તો ગઈ પણ હજી હું ગઈ નથી' એમ સખત શબ્દપ્રહારથી મોહનને ડારી દીધો. અક્કડ નીરુને જોઈ તે ઢીલોઢસ થઈ ગયો. એના મગજનો પારો એકદમ ઓસરી ગયો. તત્ક્ષણ એને શું કહેવું એ ઘડીભર સૂઝતું ન હતું પણ માત્ર નીરુની આંખમાં આંખ પરોવી તે એકીટશે તાકી રહ્યો. એનું કઠોર દિલ અચાનક એના પર રેલાઈ ગયું. સહેજ સમીપ આવી મોહનની છાતીએ માથું ટેકવી નીરુ મક્કમ અવાજે બોલી : 'લે, તારું ચાલે તો મને હાંકી કાઢ. હું તો તારા દિલના ખેતરે વિહરીશ.' 'મેં કદી દિલમાં પ્રેમબીજ વાવેલ નથી ને તારાં વાવેલ પ્રેમબીજ ક્યારેય ઊગશે પણ નહિ.' એમ મોહને મક્કમતાપૂર્વક કહ્યું. 'ઊગશે, એ એકદિન અવશ્ય ઊગશે' તત્ક્ષણ નીરુએ વિશ્વાસપૂર્વક કહ્યું. 'એ કઈ રીતે ઊગશે ?' મોહને ટૂંકમાં પતાવ્યું. 'પૂર્વે વાવેલ બીજ વર્ષાના સંસર્ગથી અંકુરિત થાય એમ આપણા હૃદયમાં વાવેલ પ્રેમબીજ અંકુરિત થશે' નીરુએ આશાવાદી બનતાં કહ્યું. 'ઉસરભૂમિ સમા મારા નિઃસત્ત્વ ને

નિષ્ઠુર ઉરમાં એ કંઈરીતે ઊગશે ?' મોહને નીરુની પ્રેમાળ આંખો સામે તાકતાં કહ્યું. 'એ સંભવ છે કે મારા સ્નેહસંસર્ગથી તારું નિષ્ઠુર દિલ રસાળ બનશે' નીરુ સહજભાવે બોલી. 'પણ તું તો અન્ય પર ક્યારનીયે વારી ગઈ છું એનું શું ?' એના પતિનો નિર્દેશ કરતાં મોહન બોલ્યો : વળી શું તેં એનું તારા મુખે નામ લીધું ?' સહેજ છણકો કરતાં નીરુ બોલી. માથે વાંકડિયા વાળ, ગોળમટોળ ચહેરો ને સુકલકડી દેહ ધરાવતો રણછોડ એનો પતિ હતો. બેત્રણ માસ પર કલેશ થતાં પિયર આવેલી નીરુ દિલમાં એની રહીસહી યાદ સદંતર ભૂલવા મથતી હતી. નીરુને મળવા રણછોડ ખૂબ રઘવાયો થતો. એ એને ક્યારેય વિસ્મરી શકતો ન હતો. એ અતીતનાં મધુર સ્મરણોને હંમેશ સ્મર્યા કરતો હતો.

ગઈકાલે સવારે અચાનક રણછોડનું અહીં આગમન થયું. એ નીરુને તેડવા આવ્યો હતો પણ એણે એની સામે નજર સુધ્ધાં નાખી નહિં. દિનપ્રતિદિન એના પ્રત્યે એના ઉરમાં નફરતનો કીડો વધુ સળવળવા લાગ્યો. ખાસ જીદે ચડેલી નીરુએ એના પિતા સમક્ષ પતિગૃહે જવાની સાફ શબ્દોમાં ઘસીને ના પાડી દીધી. 'તું સાસરે ન ગઈ ? 'અચાનક મિલન થતાં ટોણો મારતાં મોહને કહ્યું. 'વળી મારે સાસરું કેવું ?' નીરુએ તદ્દન નકાર ભણ્યો. 'પણ રણછોડ તો ખૂબ ઘેલો છે, એ તને કેમ ભૂલશે ?' મોહને ઘટસ્ફોટ કર્યો. 'તું પણ ક્યાં ઓછો ઘેલો છે ? આ તારી ઘેલછાએ જ મને.... તે એકદમ જીભ ટૂંકાવતાં બોલી.' પુષ્કળ વિચારમંથન પછી દશેક માસના સહજીવન બાદ રિસાઈને તે અંતે પિયરગૃહ પરત આવી હતી.

એક સાંજે ક્ષિતિજમાં ઢળતા સૂર્યને ઉદ્દેશી નીરુએ કહ્યું : 'આ સાંધ્યસૂર્ય આથમતાં પુનઃ ઉષાસૂર્ય ઊગશે. મોહન ! તું મારા જીવનનો પ્રકાશમાન સૂર્ય છે. તારા તેજે પ્રગટશે મારું તેજ ને તારા અસ્તિત્વે ટકશે મારું અસ્તિત્વ' એમ બેબાકળી નીરુ અભાનપણે બોલી ગઈ. શુષ્ક થડની જેમ ભાંગી પડેલી નીરુને આશ્વસ્ત કરતાં મોહન બોલ્યો : 'તું ઘેલી ન બન. ખરેખર પ્રેમનાં બંધન અતૂટ છે. એ એક પ્રકારનો આંધળો આવેગ છે. પ્રેમમાત્ર બે આંખાળો છે. પ્રેમની એક આંખ વિકાસની ઉન્નત કેડી કંડારે છે જ્યારે પ્રેમની અન્ય આંખ પતનની ઊંડી ખાઈ પ્રતિ ધકેલે છે. એકમાં સ્વર્ગસુખની મીઠી સુવાસ છે તો અન્યમાં નર્કાગારની નરી દુર્વાસ છે. નીરુ ! હું કહું છું કે તારો પતિગૃહે સહવાસ એ જ સાચે ઈષ્ટ છે' મોહને સૂફિયાણી વાતનો મારો ચલાવ્યો. પગના

અંગૂઠાથી જમીન ખોતરતાં નીરુ એને એકધારી તાકતી રહી. મોહને વાતનો દોર આગળ ચલાવ્યો : 'હું અને રણછોડ એક જ માટીનાં અલગ બે ખોળિયાં છીએ. એમાં પરોવાયેલ એક જીવ જ અલગ દેખાય છે. જીવન એટલે શેતરંજની રમત. એમાં એક વ્યક્તિ જીતે છે જ્યારે બીજો વ્યક્તિ હારે છે. ના, નીરુ ! ના. તું મને વધુ મજબૂર ન કર. હાલ મને મારા હાલ પર છોડી દે. મને સાચે જ આ ક્ષણે કંઈ સત્ય સૂઝતું નથી એમ એ અસમંજસ બોલ્યો. 'પેલા રણછોડનું તો જે થવાનું હશે તે થશે પણ સમાજમાં તારા પિતાજીની ઈજ્જતનું શું થશે? એ નાતના અગ્રગણ્ય આગેવાનોમાં પૂછાતા મોભાદાર વ્યક્તિ છે. એમણે લગ્નવિચ્છેદના ઘણા જટિલ કોયડાઓ આસાનીથી ઉકેલી પાર પાડ્યા છે. પતન પામતા પ્રેમપાત્રોને આગવી કોઠાસૂઝથી પુનઃ સહજીવનની મજબૂત ગાંઠે બાંધેલ છે. તું સાસરેથી રિસાઈને અહીં આવી છે ત્યારથી તારા પિતાજી દરરોજ રઘવાયા માણસની જેમ ફર્યા કરે છે. તું જ કહે કે આવા વિષમ સંજોગોમાં હું તને કંઈરીતે સ્વીકારું ? હું એવો સાવ હલકટ વ્યક્તિ નથી કે સમાજમાં એમનું નીચાજોણું કરુ ને વળી મારે તો તારો પણ વિચાર કરવો જ પડે ને ! એમ બૂધે માર્યાં પાણી કંઈ જુદાં ન પડે. આપણે બંનેને તો જિંદગીભર આંસુ જ પીવાનાં છે' એના દિલમાં અકથ્ય વેદનાનો ઉભરો થતાં એમ સહજતાથી બોલાઈ જવાયું. 'ના, નીરુ ! ના, મારાથી તારો અસહ્ય વિયોગ કેમ કરી જીરવાશે ? તારા સાહચર્ય વિના મારું જીવન ક્ષણવાર પણ અસંભવિત છે.' પછી દૂભાતા દિલે બંને એકમેકથી છૂટાં પડ્યાં.

ઘરની ઓસરીમાં પલંગ પર બેઠેલ દ્વિધાયુક્ત મોહન ક્યારેક નીરુના વિચારોમાં ખોવાઈ જતો. એના સાવસૂના હૈયામાં વારંવાર પડઘા ઊઠતા હતા : 'નીરુ, નીરુ, નીરુ !' રાતે પથારીમાં ડૂસકાં ભરતી નીરુને વજેસંગ મનાવતાં કહી રહ્યા હતા : 'બસ કર. દીકરી ! સમગ્ર સમાજમાં ખરેખર તો મારી ફજેતીના ફાળકા થયા છે. આજે તારી બા હયાત હોત તો મારે આવો દુર્દિન જોવાનો રહેત નહિ. હું તારી લાગણી સમજું છું. દીકરી ! રણછોડ તને દીઠોય ગમતો નથી ને પાંજરાપોળમાં ધકેલાતા હરાયા ઢોરની જેમ હું તને ત્યાં ધકેલું છું. સમાજની રૂઢિનાં બંધન અતૂટ છે એ સૌ કોઈને શિરોધાર્ય છે. કદાચ તારાં લગ્ન ફોક થાય તો હું સમાજમાં કયા મોઢે જીવીશ ? મારા પર આખું આભ તૂટી પડશે એ કલ્પનામાત્રથી હું ધ્રૂજી ઊઠું છું ને પેલો મોહન.... આપણા ખેતરના શેઢે

દરરોજ તારી પ્રતીક્ષા કરતો ઊભો હશે એ હું ક્યાં નથી જાણતો ? અત્યંત હરખપદૂડી થઈ તને મોહન સાથે વાતો કરતાં જોઈ મને થાય છે કે ના, દીકરી ! ના, મેં તને ખરેખર અન્યાય કરેલ છે. વિખૂટાં પડતાં વસમીવેળાએ તમારી બંનેની આંખોમાંથી ટપકતાં આંસુ નિહાળી મારું ઉર હચમચી ઊઠે છે. ખરેખર સ્નેહની ગાંઠ અતૂટ છે. દીકરી ! આમ કહેતાં તે એકદમ લાગણીવશ બની ગયા. હિંમત એકઠી કરતાં નીરુ બોલી : 'હું તો તમારી એકમાત્ર લાડકી દીકરી છું' બાપુ ! મને મારી બા બે વરસની મૂકીને પરધામ સીધાવતાં તમે મને અગાધ સ્નેહસિંચન કરી ઉછેરી એ બીનાથી હું સંપૂર્ણજ્ઞાત છું. હું તમને અવગણીને જીવનમાં કંઈરીતે સુખી થાઉં ? હું ક્યાં સુખી છું એ બરાબર જાણું છું એટલે હું કહું છું કે જો તમને મોહન પસંદ હોય તો હું એની સાથે ઘર માંડવા કૃતનિશ્ચયી છું. તમે કૃપા કરી સમાજના રૂઢિગત પિંજરમાંથી મને મુક્ત કરો. 'નીરુની કાકલૂદીભરી વાત સુણતાં અંતે વજેસંગનું દિલ પીગળ્યું. હા, દીકરી ! હા. એમ સંમતિ આપતાં આંખના ખૂણે ઉમટી આવેલ આંસુ સ્વચ્છ ધોતિયાના છેડાથી લૂછતાં એ જાણે અવાક્ થઈ ગયા !

નીચે નમી પિતાનો ચરણસ્પર્શ કરી ક્ષણનાય વિલંબ વિના પૂરઝડપે દોડી જતી નીરુને તે અનિમેષ નજરે જોઈ રહ્યા. સવારના ફાટતા પ્રહરમાં હાંફળી ફાંકળી પોતાના ઘરઉંબરે નીરુને ઊભેલી જોઈ પ્રેમવશ મોહન એને બાહુપાશમાં ગાઢ આલિંગી રહ્યો.

❈

## લેખકનાં પ્રકાશનો

૧. ક્લરવ (મુક્તક સંગ્રહ)
૨. શેર અને જોક્સ
૩. ઋણાનુબંધ (વાર્તા સંગ્રહ)
૪. બે વાર્તા
૫. અમૃતામૃત (લેખસંગ્રહ)
૬. શકુંતલા (નાટ્યકૃતિ)
૭. સરદારની જીવન ઝરમર (નાટ્યકૃતિ)
૮. વસંતના ટહુકા (કાવ્યસંગ્રહ)
૯. સ્મૃતિનિનાદ (કાવ્યસંગ્રહ)
૧૦. અતીતના પડઘા (કાવ્યસંગ્રહ)
૧૧. સ્મૃતિપાત (લેખસંગ્રહ)